# કિશોરીનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર આરોપીને પકડી પાડતી વરાછા પોલીસ

સુરત શહેરના વરાછા પો.સ્ટે. વિસ્તારમાં ફરીયાદીશ્રીની દિકરીને આરોપી પ્રકાશ મંગાભાઈ દવેરા ઉ.વ.૨૩ નાનો અપહરણ કરી લઈ ગયેલ જે બાબતે વરાછા પો.સ્ટે. । ગુ.ર.નં. ૨૩૦/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(જે) ૩૭૬(૨)(એન) તથા પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ (સને-૨૦૧૨) ની કલમ ૪,૫,(એલ)૬ મુજબનો ગુન્હો દાખલ કરેલ જે ગુન્હાને શોધી કાઢવા પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી તપાસમાં હતા દરમ્યાન પો.કો. બ્રિજરાજસિંહ અરવિંદસિંહ તથા ASI સાગર સંજયભાઈ પ્રધાન તથા અ.હે.કો. દિવ્યેશભાઈ હરીશભાઈ નાઓને મળેલ બાતમી આધારે વરાછા જગદિશ નગર ચોપાટી પાસેથી આરોપીને પકડી પાડી પુછપરછ દરમ્યાન ઉપરોક્ત ગુન્હાની કબુલાત કરેલ જે ઉપરોક્ત ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.